**અગત્યનું/ખુબ જ જરૂરી**
**કૃષિ મહોત્સવ-૨૦૧૨**

**કુલપતિશ્રીનું કાર્યાલય**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ-૩૮૮ ૧૧૦**

# કાર્યાલય આદેશ

ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના પત્ર ક્રમાંક : કૃષમ-૧૩૨૦૧૨/૪૦૧/પાર્ટ-૧૯/મ.૩ સચિવાલય, ગાંધીનગરના તા. ૧૪/03/૨૦૧૨ ના નાયબ સચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા બહાર પડેલ કૃષિ મહોત્સવ-૨૦૧૨ અંગેની માર્ગદર્શન સૂચનાઓ ધ્યાને રાખી આણંદ કૃષિ યુનિવર્સિટીએ આ કાર્યક્રમ અસરકારક રીતે અમલમાં મુકવાનું આયોજન કરેલ છે. આ કૃષિ મહોત્સવનો પ્રારંભ તા.૨૪/૪/૨૦૧૨ (અખાત્રીજ)થી શરૂ થનાર છે. તા.૨૪/૦૪/૨૦૧૨ થી તા.૨૩/૫/૨૦૧૨ દરમ્યાન કૃષિ મહોત્સવ યોજાનાર છે. અગાઉના વર્ષોના અનુભવને ધ્યાને રાખી નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) ડૉ.પી.પી.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકને કૃષિ મહોત્સવ-૨૦૧૨ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના નોડલ ઓફિસર તરીકે જાહેર કરવામાં આવે છે.

(૨) ડૉ.વી. આર બોઘરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક4વિ.શિ.નિ કચેરી, આણંદ ને આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ થી કૃષિ મહોત્સવ-૨૦૧૨ના કો-ઑરડીનેટર તરીકેની અને ડૉ.એચ..બી પટેલ4 સહ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આણંદ ને આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ થી કૃષિ મહોત્સવ-૨૦૧૨ના સહકો-ઑરડીનેટર તરીકેની જવાબદારી સોંપવામાં આવે છે.

(૩) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ તાંત્રિક તેમજ વહીવટી અને અન્ય કર્મચારીઓની **તા ૨૪-૦૪-૨૦૧૨ થી તા.૨૩-૦૫-૨૦૧૨** દરમ્યાન રજાઓ મંજૂર કરવાની રહેતી નથી. રજા ઉપર / મંજૂર કરેલ હોય તેમને જે તે વિભાગના વડાઓએ હાજર રહેવા માટે જે તે કર્મચારીને જાણ કરવાની રહેશે.

(૪) કૃષિ મહોત્સવની અસરકારકતા માટે મહોત્સવની કામગીરી ચૂંટણી જેવીજ મહત્વની ગણવાની રહેશે.

(૫) યુનિવર્સિટી કક્ષાએ અસરકારક સંકલન માટે નીચે મુજબ કેન્દ્રીય સંકલન સમિતિની રચના કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | ડૉ.એ.એમ.શેખ | કુલપતિ, આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૬૦ |
| ૨ | ડૉ.કે.બી. કથીરીયા | સંશોધન નિયામક અને અનુસ્નતક વિદ્યાશાખધ્યક્ષ | ૯૯૯૮૦૦૯૯૬૧ |
| ૩ | ડૉ.પી.પી.પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામક, આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૬૨ |
| ૪ | ડૉ.પી.આર.વૈષ્ણવ | કુલસચિવ, આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૭૪ |
| ૫ | ડૉ.એ.જે.પડયા | નિયામક, વિધાર્થી પ્રવૃત્તિઓ,આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૬૯ |
| ૬ | ડૉ.ડી.આર. કથીરીયા | નિયામક, આઈ.ટી., આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૭૩ |
| ૭ | ડૉ. કે. પી. પટેલ | આચાર્ય, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૬૮ |
| ૮ | ડૉ.એ.એમ.ઠાકર | આચાર્ય, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૭૦ |
| ૯ | ડૉ.બી.પી.શાહ | આચાર્ય, ડેરી વિજ્ઞાન કોલેજ, આ.કૃ.યુ., આણંદ | ૯૩૭૫૦૩૨૨૯૧ |
| ૧૦ | ડૉ.ડી.સી.જોષી | ડીન,ફુડ પ્રોસેસીંગ, આ.કૃ.યુ., આણંદ | ૯૯૯૮૦૦૯૯૬૫ |

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧૧ | ડૉ. જી.બી.વાળંદ | આચાર્ય,આંતર રાષ્ટ્રિય કૃષિ વ્યવસ્થાપન સંસ્થા | ૯૯૯૮૦૦૯૯૬૭ |
| ૧૨ | શ્રી કે.પી. મહન્ત | હિસાબ નિયામક, આ.કૃ.યુ., આણંદ | ૯૭૨૪૩૧૮૬૪૨ |
| ૧૩ | ડૉ.એમ.એમ.પાઠક | સહ સંશોધન નિયામક,(પશુપાલન) આ.કૃ.યુ., આણંદ | ૯૬૬૨૫૨૭૭૮૪ |
| ૧૪ | ડૉ.આર.એચ.પટેલ | સહ સંશોધન નિયામક, (કૃષિ)આ.કૃ.યુ., આણંદ | ૯૮૯૮૪૧૫૪૮૮ |
| ૧૫ | ડૉ.વી.આર. બોઘરા | સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, આ.કૃ.યુ., આણંદ | ૯૪૨૮૯૪૭૦૦૫ |
| ૧૬ | ડૉ. અરૂણ એ. પટેલ | નિયામક,પ્રસાર શિક્ષ ણ ભવન,આ.કૃ.યુ., આણંદ | ૯૯૭૪૪૨૧૧૨ ૪ |
| ૧૭ | ડૉ.એચ.બી.પટેલ | સહ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આ.કૃ.યુ., આણંદ | ૯૪૨૮૧૫૩૬૧૮ |

ઉપરોકત સમિતિ નિતિ વિષયક બાબતો અંગેના નિર્ણયો લેશે અને માર્ગદર્શન પુરૂ પાડશે.

(૬) વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં કૃષિ મહોત્સવના સંકલન માટે નીચે મુજબની સમિતિ રચવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | ડૉ.વી.આર. બોઘરા | સ.વિ.શિ.નિ.,વિ.શિ.નિ.ની કચેરી, આ.કૃ.યુ., આણંદ | ૯૪૨૮૯૪૭૦૦૫ |
| ૨ | ડૉ.બી.એચ.પટેલ | ઈ/ચા.એટીક,વિ.શિ.નિ.ની કચેરી, આણંદ | ૯૮૨૪૮૩૯૪૫૬ |
| ૩ | ડૉ.એચ..બી પટેલ | સહ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આણંદ | ૯૪૨૮૧૫૩૬૧૮ |
| ૪ | ડૉ. બી. એસ. પટેલ | સહ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આણંદ | ૯૮૭૯૯૪૧૦૬૮ |
| ૫ | ડૉ.એન.વી.સોની | સહ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આણંદ | ૯૪૨૭૮૫૬૦૪૫ |
| ૬ | ડૉ.મહેશ આર.પટેલ | મ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની કચેરી,આણંદ | ૯૮૯૮૩૦૯૨૭૫ |
| ૭ | ડૉ.ડી.ડી.પટેલ | મ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની કચેરી,આણંદ | ૯૭૧૨૪૮૨૪૬૮ |
| ૮ | ડૉ.મુકેશ આર.પટેલ | મ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની કચેરી,આણંદ | ૯૮૨૪૪૨૧૮૮૦ |
| ૯ | શ્રી એમ. એસ. બારોટ | સીનીયર ક્લાર્ક, વિ.શિ.નિ.ની કચેરી,આણંદ | ૯૮૯૮૦૮૧૯૫૬ |

(૭) ઉકત સરકારશ્રીના પત્ર મુજબ કિસાન રથ સાથે કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ બાગાયત-પશુપાલન તથા અન્ય ખાતા વિભાગના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહી ગામના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવાના છે. તેની સાથે ઈ-સાહિત્ય તરીકે સીડી (સોફ્ટ કોપL) પ્રકાશન વિભાગ પાસેથી મેળવી લેવી અને વહે\ચણી કરવી.

(૮) કિસાન રથ સાથે જનાર ટીમને તાલીમ આપવાનું આયોજન રાજયની કૃષિ યુનિવર્સિટી ધ્વારા જે તે વિસ્તારના થીમ મુજબ કરવાનું રહેશે. આ માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ધ્વારા નીચે મુજબની સમિતિના રચના કરવામાં આવી છે.

<table>
<tr><th colspan="5">વૈજ્ઞાનિકોને તાલીમ માટેની સમિતિ :</th></tr>
<tr><th>ક્રમ</th><th>નામ</th><th>કચેરીનું નામ</th><th colspan="2">હોદ્દો</th></tr>
<tr><td>૧</td><td>ડૉ. બી. એચ. પટેલ</td><td>વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી,આણંદ</td><td>અધ્યક્ષ</td><td rowspan="3">જિલ્લાવાર જરૂરીયાત મુજબની તાલીમ ત્રણ દિવસમાં આપવાનું આયોજન કરવું</td></tr>
<tr><td>૨</td><td>ડૉ. મુકેશ આર.પટેલ</td><td>વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ</td><td>સભ્ય</td></tr>
<tr><td>૩</td><td colspan="2">જે તે જિલ્લાના જિલ્લા નોડલ વૈજ્ઞાનિકો તથા સ્થાનિક જિલ્લા વૈજ્ઞાનિકો</td><td>સભ્યો</td></tr>
</table>

(૯) કૃષિ રથમાં સામેલ થનાર તાલુકા નોડલ વૈજ્ઞાનિકો, સહાયક સ્ટાફ, વેટરનરી/ ડેરી/ એન્જીનીયરીંગ ફેકલ્ટીના વૈજ્ઞાનિક તેમજ પી.જી.વિધાર્થીઓની ફાળવણી વિસ્તરણ શિક્ષણ નિયામક અને સંશોધન નિયામકે સંયુકત રીતે યુનિવર્સિટીની નિયમિત કામગીરીને અસર ન થાય તે રીતે કરવાની રહેશે. આ અંગેના કાર્યાલય આદેશ વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી અલગ રીતે બહાર પાડશે. આ વખતે એક દિવસમાં બે જ ગામમાં રથ જશે તેથી ૪૯૬૧ ગામોમાં ફેરણી માટે ૯૦ થી ૯૫ વૈજ્ઞાનિકોની ટીમ બનાવવી પડશે.

(૧૦) યુનિવર્સિટીના જે કોઈ સ્ટાફ કૃષિરથમાં જોડાય તેઓના ટી.એ.બીલો વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીને મોડામાં મોડા તારીખ ૩૦/૬/૨૦૧૨ સુધીમાં મોકલી આપવાનાં રહેશે. જેમા ટુર ડાયરી જે તે યુનિટના વડાએ મંજુરીના સહી સિક્કા કરી વિસ્તરણ શિક્ષણ નિયામક પાસે ટી.એ.બીલ મંજુરી અર્થે તેમજ ચુકવણા માટે બે નકલમાં રજૂ કરવાના રહેશે. વધુમાં તેઓને આ કિસાન રથમાં જોડાવા માટેના વિસ્તરણ શિક્ષણ નિયામકના કાર્યાલય આદેશની નકલ પણ જોડવાની રહેશે. આ ટી.એ. બીલની ચૂકવણીની કામગીરી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના ડાં.બી એસ પટેલ, શ્રી એમ. એસ. બારોટ અને શ્રી બી.એન શુકલને સોંપવામાં આવે છે. આ ચૂકવણી મોડામાં મોડી તા. ૩૧/૮/૨૦૧૨ સુધીમાં કરવાની રહેશે.

(૧૧) પી.જી.વિધાર્થીઓ નિયમિત સ્ટાફ ન હોઈ, નિર્વાહ ભથ્થું, ભાડું તથા રહેવાના ચાર્જ પેટે એક દિવસના રૂ.૨૦૦/- પ્રમાણે તેઓને ઉચ્ચક રકમ ચુકવવાની રહેશે. વિધાર્થીઓને ઉચ્ચક રકમ ચૂકવવાની કાર્યવાહી જિલ્લા નોડલ વૈજ્ઞાનિકે, તાલુકા નોડલ વૈજ્ઞાનિક મારફતે કરવાની રહેશે. પર્યાપ્ત ગ્રાન્ટ હિસાબ નિયામક/વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી પાસેથી તારીખ ૨૨/૪/૨૦૧૨ સુધીમાં મેળવી લેવાની રહેશે. ચુકવણા બાદ તેનો હિસાબ વિસ્તરણ શિક્ષણ નિયામકને રજૂ કરવાનો રહેશે.

(૧૨) જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકો તરીકે અમદાવાદ જિલ્લા માટે ડાં. એમ.એસ. જાકાસણીયા, સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર,અરણેજ, (મો.૯૪૨૭૪૯૦૫૭૫),ખેડા જિલ્લા માટે ડાં. કે.એસ.પ્રજાપતિ, સંશોધન વૈજ્ઞાનિક(પેથો),મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામ (મો.૯૯૨૫૩૬૬૦૦૪), આણંદ જિલ્લા માટે ડાં.ડી.એમ.કોરાટ, સંશોધન વૈજ્ઞાનિક, જૈવિક નિયંત્રણ, આણંદ (મો.૯૯૦૯૦૯૮૦૮૫), વડોદરા જિલ્લા માટે ડાં. એસ.એચ. પટેલ,સંશોધન વૈજ્ઞાનિક, વડોદરા(મો.૯૭૨૫૦૦૩૮૮૩), પંચમહાલ જિલ્લા માટે ડાં.ડી.બી.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક (મકાઈ) ગોધરા (મો.૯૯૦૯૩૮૨૬૨૭) અને દાહોદ જિલ્લા માટે ડાં. બી. આર. પરમાર સહ સંશોધન વૈજ્ઞાનિક, મુવાલીયા ફાર્મ દાહોદ(મો.૯૮૭૯૬૪૮૭૭૧) ને નિયુકત કરવામાં આવે છે.જેઓએ જે તે જિલ્લાની કૃષિ મહોત્સવની પ્રવૃત્તિઓ અસરકારક બને તે રીતે સંકલન કરવાનુ રહેશે અને વધુમાં તેઓએ સમગ્ર જિલ્લાનો રોજે રોજનો અહેવાલ વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીને અચૂક મોકલવાનો રહેશે જેનો પ્રફોર્મા કૃષિ મહોત્સવ શરૂ થતાં પહેલાં વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીએથી મેળવી લેવાનો રહેશે. આ ઉપરાંત કૃષિ મહોત્સવ પૂર્ણ થયા બાદ જે તે જિલ્લાનો બે પાનાનો સંક્ષિપ્ત અહેવાલ ફોટોગ્રાફસ સહિત વિસ્તરણ

શિક્ષણ નિયામકને તા. ૩૦-૫-૧૨ સુધીમાં અચૂક મોકલી આપવાનો રહેશે. દરેક જિલ્લાના જિલ્લા નોડલ વૈજ્ઞાનિકોએ જે તે જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી પાસેથી કિસાન રથનો રૂટ કાર્યક્રમ અને સમય મેળવી તેઓના તાલુકા નોડલ વૈજ્ઞાનિકોને પહોંચાડવાનો રહેશે.

(૧૩) 'છ' જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકોએ, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના નીચે જણાવેલ અધિકારીઓ સાથે સંકલન કરવાનું રહેશે.

| અ.નં. | જિલ્લા નોડલ વૈજ્ઞાનિકનું નામ | જિલ્લાનું નામ | વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના અધિકારીનું નામ |
|---|---|---|---|
| ૧ | ડૉ. એમ.એસ. જાકાસણીયા | અમદાવાદ | ડૉ. ડી.ડી.પટેલ |
| ૨ | ડૉ. કે.એસ.પ્રજાપતિ | ખેડા | ડૉ. બી.એચ.પટેલ |
| ૩ | ડૉ. ડી.એમ.કોરાટ | આણંદ | ડૉ.એન.વી.સોની |
| ૪ | ડૉ. એસ.એચ. પટેલ | વડોદરા | ડૉ. મહેશ આર.પટેલ |
| ૫ | ડૉ. દિનેશ બી.પટેલ | પંચમહાલ | ડૉ. બી. એસ.પટેલ |
| ૬ | ડૉ. બી. આર. પરમાર | દાહોદ | ડૉ. મુકેશ આર.પટેલ |

ઉપરોકત જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકો-૬ (છ) અને વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના (નં.૫ મુજબના) ૯ (નવ) અધિકારીઓને સંદેશાવહનની સગવડતા મળી રહે તે માટે સીમકાર્ડ ખરીદવા/રીચાર્જ વાઉચર માટે પ્રતિ અધિકારી રૂ. ૧,૦૦૦/- ની મર્યાદામાં ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે. તેનો ખર્ચ તેમની કચેરી/કૃષિ મહોત્સવની ગ્રાન્ટમાંથી પાડી શકાશે. ઉપરોકત નિયુકત થયેલ અધિકારીઓ કૃષિ મહોત્સવ દરમ્યાન અને ત્યારબાદની કૃષિ મહોત્સવ સબંધિત કામગીરી માટે જવાબદાર રહેશે.

(૧૪) દર વર્ષની જેમ કૃષિ મહોત્સવ અહેવાલ-૨૦૧૨ પ્રસિધ્ધ કરવાનો થાય છે. જે અંગેની માહિતી જે તે જિલ્લા નોડલ વૈજ્ઞાનિકો તેમજ સ્થાનિક તાલુકા વૈજ્ઞાનિકો સંયુકત રીતે તૈયાર કરી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીને તા.૩૦/૭/૨૦૧૨ સુધીમાં સુપરત કરશે અને પ્રકાશન વિભાગ તા.૩૦/૮/૨૦૧૧ સુધીમાં છાપીને તૈયાર કરશે. અને તે અહેવાલ વિસ્તરણ શિક્ષણ નિયામકની કેટલી નકલ છપાવવાની મંજુરી લઈ તા.૩૦/૯/૨૦૧૧ સુધીમાં તૈયાર કરવાનો રહેશે.

(૧૫) ખેડૂત મહિલાઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે આ.કૃ.યુ., ના તમામ તાંત્રિક મહિલા અધિકારી/કર્મચારીઓને ઓછામાં ઓછા ત્રણ સ્થળોએ ( ખેડા,વડોદરા,પંચમહાલ જિલ્લામાં) કૃષિ મહોત્સવ દરમ્યાન મુલાકાત લઈ માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે. જે માટે ડૉ અંકિતા કિલ્લેદાર હેઠળ આ કાર્યક્રમ યોજાશે. જે તે જીલ્લા/તાલુકા કક્ષાની જરૂરિયાત મુજબ મહિલા શિબિરોનું આયોજન કરવાનું રહેશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં કામ કરતી મહીલાઓ એ રથમાં જોડાવાનું હોઇ આમાં સમાવેશ કરવો નહી.

(૧૬) કૃષિ મહોત્સવ-૨૦૧૨ ની ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી માટેની કામગીરી શ્રી આર.પી.શર્મા તથા શ્રી ચરપોટે (પ્રસાર શિક્ષણ ભવન) કરવાની રહેશે. તેઓએ આણંદ કેન્દ્ર પર કૃષિ મહોત્સવને લગતી બેઠકોમાં પણ કામગીરી કરવાની રહેશે. અને કૃષિ મહોત્સવ પૂર્ણ થયે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની સીડી બનાવી વિસ્તરણ શિક્ષણ નિયામકને આપવાની રહેશે. વધુમાં મંત્રીશ્રીઓ, મહાનુંભાવોની કૃષિ મહોત્સવ દરમ્યાન ફોટોગ્રાફી કરવા જવાનું રહેશે. જેનું સંકલન જે તે જીલ્લાના સ્થાનિક અધિકારીએ કરવાનું રહેશે.

(૧૭) કેન્દ્રિય સંકલન સમિતિના સભ્યોએ પણ કૃષિ મહોત્સવ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત છ જિલ્લામાં કોઈ એક ગામની અનુકૂળતાએ શકય હોય તો મુલાકાત લેવાની રહેશે. વિસ્તરણ શિક્ષણ નિયામક, સંશોધન નિયામક, ડીન અને આચાર્યશ્રીઓની વધારે મુલાકાતો યોજાય તે આવકારદાયક છે.

(૧૮) ખાસ અગત્યના તેમજ એપીએમસીના કાર્યક્રમો માટે વિસ્તરણ શિક્ષણ નિયામક નિમણૂંકના કાર્યાલય આદેશ બહાર પાડશે તે મુજબ નિયુકત કરેલ ખાસ " ખાસ વૈજ્ઞાનિક ટીમે" માર્ગદર્શન માટે જવાનું રહેશે.

(૧૯) કૃષિ રથ સમયે કાર્યક્રમોનું ખાસ પ્રસંગોનું ઓડીયો-વિડીયો રેકોડીંગ મોબાઇલ /હેન્ડીકેમ ધ્વારા કરવાનું સૂચન થયેલ. જે અન્વયે કેવી રીતે શુટીંગ/રેકોડીંગ કરી અપલોડ કરી શકાય તે અંગેની તાલીમ નિયામક, આઇ.ટી. તેમજ નિયામક, ઇ.ઇ.આઇ. આણંદ ધ્વારા આપવાની રહેશે.

(૨૦) માન.અગ્રસચિવશ્રી, (કૃષિ )એ નીચે જણાવેલ મુદ્દાઓ ધ્યાનમાં લઈ તાલુકાવાર કૃષિ યુનિવર્સિટીઓ ધ્વારા સૂચારૂ આયોજન થાય તે માટે આયોજન કરવા સૂચના આપેલ છે. તેનો ચૂસ્તપણે અમલ કરવાનો થાય છે.

(૧) કૃષિ રથ સાથે જતા સ્ટાફ સાથે વિધાર્થીઓનો પણ સમાવેશ કરવો. જુના વિધાર્થીઓ સ્વૈચ્છિક રીતે કામ કરવા અને રથ સાથે જવા તૈયાર હોય તો તેમને મોકલવા.

(૨) કૃષિ રથ સાથેના વૈજ્ઞાનિકો અને વિધાર્થીઓના નામ જે તે યુનિવર્સિટીએ નકકી કરી જિલ્લાના અધિકારીઓને જાણ કરવાની રહેશે.

(૩) કૃષિ રથની ફેરણી દરમ્યાન કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ તાલુકા મથકે રાત્રી રોકાણ કરે તેવી સુચનાઓ આપવી. ફરજ છોડી પાછા ન આવે તે અંગે સુચનાઓ આપવી.

(૪) કિસાન વિજ્ઞાન કેન્દ્રોના સ્ટાફનો કૃષિ મહોત્સવ સંબંધી કાર્યક્રમની સારી જાણકારી હોઇ તેમનો ક્ષેત્રીય કામગીરી માટે મહત્તમ ઉપયોગ કરવો.

(૫) દરેક અધિકારી ભાગ લે રીસર્ચ પ્રોફેસરોને પણ યોગ્ય જવાબદારીઓ સોંપવી.

(૬) કૃષિ મહોત્સવ-૨૦૧૨માં પ્રગતિશીલ ખેડૂતોનો મહત્તમ ઉપયોગ થાય તે મુજબ આયોજન કરવું.

(૭) કૃષિ યુનિવર્સિટીમાં યોજાનાર મેગા ઇવેન્ટ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

ગરીબ કલ્યાણ મેળા તથા સામાન્યતઃ સરકારી મેળાવડા/સમારંભોમાં જે રીતે ખર્ચ થતો હોય તે રીતે મર્યાદામાં રહી ખર્ચ કરવો. નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોના પાલનનો આગ્રહ રાખવામાં આવે છે.

(૮) દરેક યુનિવર્સિટમાં લોકલ બાયોફર્ટીલાઇઝર સ્ટેઇન આઇસોલેટ કરી જરુરીયાત મુજબ લીકવીડ બાયોફર્ટીલાઇઝર પ્રોડકશન કરવું. ઓછામાં ઓછું ૧૦,૦૦૦ લીટરનું ટાર્ગેટ રાખવું.

(૯) યુનિવર્સિટીઓએ માઇક્રોન્યુટ્રીયન્ટ મેપ તૈયાર કરવા.

(૧૦) કૃષિ યુનિવર્સિટી ધ્વારા બ્રીડર શીડ વીલેઝ પ્રોગ્રામ લેવા માટેનું આયોજન કરવું.

(૧૧) દરેક યુનિવર્સિટીએ ૧૦ થી ૧૨ નવા વિષય સાથે સ્થાનિક બોલીમાં સીડીઓ તૈયાર કરી મલ્ટીપીકેશન કરવું અને યુનિવર્સિટીના વિસ્તાર વાઇઝ કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમ્યાન વિતરણ કરવું, ટ્રાઇબલ બહેનોના અવાજમાં પણ ડબીંગ કરી શકાય.

ઉપરોકત કાર્યાલય આદેશ કૃષિ મહોત્સવ-૨૦૧૨ ની અસરકારક કામગીરી માટે અને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કોઈ વધારાની કામગીરી કરવાની થાય તે પણ જે તે અધિકારી/કર્મચારીએ કરવાની રહેશે.

જા.નં.આકૃયુ/વિશિનિ/કૃ.મ.૧૨/ ૧૫૮૯૮- ૯૫૭/૨૦૧૨

**(એ.એમ.શેખ)**

તા. ૨૧ /3/૨૦૧૨ **કુલપતિ**

**નકલ રવાના જાણ તેમજ ઘટતુ થવા માટે :**

(૧) યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ (તમામ) આ.કૃ.યુ., આણંદ

(૨) આચાર્યશ્રીઓ તેમજ ડીન (તમામ) આ.કૃ.યુ., આણંદ

(3) કેન્દ્રિય સંકલન સમિતિના સભ્યો (તમામ) આ.કૃ.યુ., આણંદ

(૪) જિલ્લા નોડલ વૈજ્ઞાનિક (તમામ) આ.કૃ.યુ., આણંદ

(૫) યુનિટ અધિકારીશ્રીઓ (તમામ) આ.કૃ.યુ., આણંદ

(૬) સબ યુનિટ અધિકારીશ્રી (તમામ) આ.કૃ.યુ., આણંદ

**નકલ રવાના**

ઉપરોકત સબંધિતો તરફ જાણ તથા અમલ સારું

પ્રતિ,

...................................

...................................

....................................